# વિનોદ તન્ના પર કોર્ટ સંકુલમાં ટપલી દાવ

**કોર્ટના પાછળના દરવાજેથી ખાનગી ગાડીમાં પોલીસે તન્નાને લઈ જવો પડ્યો : વકીલોએ આક્રોશ ઠાલવવા ટામેટા-ઈંડા માથે મારવાની તૈયારીઓ કરી રાખી હતી : ટામેટાની પેટી જપ્ત : તાત્કાલિક અસરથી જબરજદસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો : ૪ દિવસના રિમાન્ડ મંજૂર**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં એસીબીએ ટ્રેપ ગોઠવીને રૂ. ૨૫ હજારની લાંચ લેતા ઝડપી પાડેલા ફોલ્ડર સહિત નાયબ મામલતદારને આજે સાંજે કોર્ટમાં રજુ કરવા માટે ખાનગી ગાડીનો ઉપયોગ કરીને કોર્ટના પાછળના દરવાજેથી લઈ જવો પડ્યો હતો. વકીલોએ ભ્રષ્ટ નાયબ મામલતદારને સબક સિખવાડવા ઈંડા-ટામેટાનો સ્ટોક કરી તેના માથે મારવાનો પ્લાન કર્યો હોવાની માહિતી મળતા જબરદસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી તેને લાવવા-લઈ જવામાં આવ્યો હતો. તેમ છતાં તેની પર કોર્ટ બહાર નિકળતી વખતે સામાન્ય ટપલી દાવ થવા પામ્યો હતો. પોલીસે ટામેટા-ઈંડા પણ કબ્જે લઈ લીધા હતા. ના. મામલતદારની પુછપરછ માટે કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



(તસવીર : દિપક જાની)

ભ્રષ્ટાચાર સામે મોરચો માંડવા માટે અગાઉ શરૂ થયેલી અન્નાની આંધી દરમ્યાન જેટલો પ્રચંડ જનાક્રોશ જોવા મળ્યો હતો તેવો જ આક્રોશ બે દિવસથી ગાંધીનગરના વકીલો તથા અરજદારોમાં, એસીબી ટ્રેપમાં પકડાયેલા ભ્રષ્ટ નાયબ મામલતદાર વિનોદ તન્નાના કેસમાં જોવા મળી રહ્યો છે. કોઈ અધિકારી-કર્મચારીનો લાંચરુશ્વત વિરોધી દળ દ્વારા છટકુ ગોઠવીને પકડવામાં આવે અને તેની

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં જાણીતા આવકવેરા નિષ્ણાત મુકેશ પટેલનું પ્રવચન

ગાંધીનગર, તા. ૨૮

ચાલુ નાણાંકીય વર્ષમાં આવકવેરાની સર્વે તથા સર્ચની કામગીરી સમગ્ર ગુજરાતમાં ખૂબ મોટા પાયે રહી અને ગાંધીનગર પણ બાકાત રહ્યું નથી.

આવકવેરા સર્વે તથા સર્ચ



અંગેનું વ્યવહારૂ માર્ગદર્શન મેળવવા ઈચ્છતા વેપારીઓ, વ્યવસાયી, બીલ્ડર્સ, ડોક્ટરો વગેરેને વિશ્વ પ્રસિદ્ધ આવકવેરા નિષ્ણાત શ્રી મુકેશભાઈ પટેલના વક્તવ્ય કાર્યક્રમમાં તા. ૫મી માર્ચ, ૨૦૧૩ના રોજ સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમિયાન કડી સર્વ વિદ્યાલયના કેમ્પસમાં ઉમાબા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજના ખીમજી વિશ્રામ હોલ ખાતે હાજર રહેવા રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કેન્દ્રીય બજેટ રજૂ થયા પછી છેલ્લા બાર વર્ષથી બજેટમાં સૂચવાયેલા ફેરફારો અંગે આંતરરાષ્ટ્રીય નિષ્ણાત શ્રી મુકેશ પટેલ પોતાનું મંતવ્ય રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં પોતાની વિશિષ્ટ શૈલીમાં રજૂ કરે છે અને મોટી સંખ્યામાં હાજર રહીને નગરજનો બહોળો પ્રતિસાદ આપે છે.

આ વર્ષે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી મુકેશ પટેલ કેન્દ્રીય બજેટમાં સૂચવાયેલ સુધારા અંગેના પોતાના વક્તવ્ય ઉપરાંત આવકવેરા સર્વે તા સર્ચ અંગેનું પણ કાયદાકીય તેમજ વ્યવહારૂ માર્ગદર્શન આપશે, જેનો લાભ લેવા રોટરી ક્લબ, ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.

## જિલ્લામાં વાણિજય વેરાની આવક ૪૭ ટકા વધી

**પેન્શનના એક પણ કેસ પેન્શન નિયામક પાસે પડતર નથી**

**વિધાનસભામાં ગાંધીનગર**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં વાણિજય વેરાની આવક ૨૦૧૦-૧૧ની તુલનામાં ૨૦૧૧-૧૨ની આવકમાં ૪૭ ટકા જેટલો વધારો નોંધાયો છે. તેમ નાણામંત્રી શ્રી નીતિન પટેલે આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

ભાજપના શ્રી અશોક પટેલ અને શ્રી શંભુજી ઠાકોરના પ્રશ્નોના ઉત્તરમાં નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૧-૧૨ના વર્ષ દરમિયાન જિલ્લાને વાણિજય વેરા પેટે રૂ. ૯૫૭.૨૫ કરોડની આવક થઈ છે.

૨૦૧૦-૧૧ની તુલનામાં ૩૦૯.૭૩ કરોડનો વધારો થયેલ છે. કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં કેટલા ઉદ્યોગગૃહો અને વેપારી એકમો પાસે વાણિજય વેરાની બાકી છે જે પ્રશ્ન અધ્યક્ષશ્રીએ દાખલ કર્યો ન હતો જો કે પછી કોંગી સભ્યોમાં ઉભી થતી વિરોધની લાગણીને ધ્યાને રાખી અધ્યક્ષશ્રી વાળાએ જે બાકી છે તે અંગેની વિગતો ગૃહના ટેબલ પર રજુ કરવા જણાવ્યું હતું.

આ પ્રશ્નને લઈ શ્રી શંભુજી ઠાકોરે કેટલા વેપારીઓએ નોંધણી નંબર મેળવ્યા? તેવો પ્રશ્ન પુછયો હતો પરંતુ અધ્યક્ષશ્રીએ તે દાખલ કર્યો ન હતો. આ ઉપરાંત કોંગીના શ્રી બલવંતસિંહ રાજપૂતે પણ રિફંડને લઈ પ્રશ્ન પુછવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પ્રશ્નના હાર્દ સાથે સુસંગત ન હોવાનું અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

**● કલોલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અંગે ફરિયાદ**

કલોલ શહેરના સામુહિક આરોગ્ય કેન્દ્ર અંગે મળેલી ફરિયાદો બાબતે કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કલોલ શહેરનું સામુહિક આરોગ્ય કેન્દ્ર આરોગ્ય વિભાગ હસ્તકનું કોઈ કાર્યરત નથી.

**● પેન્શનના કેસો**

કોંગીના શ્રી મોહનસિંહ રાઠવા તેમજ શ્રી અશ્વિન કોટવાલે પેન્શનરોના પડતર પ્રશ્નો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં નિયામક પેન્શનની કચેરીને ૪૦,૩૧૫ પેન્શનરોના કેસ મળ્યા હતા. આ પૈકી ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ ૪૫૧ કેસ પડતર હતા પરંતુ તા. ૫-૨-૨૦૧૩ની સ્થિતિએ એક પણ કેસ પડતર નહિ હોવાનું જણાવ્યું હતું.

કેસોના નિકાલમાં થયેલા વિલંબ અંગે નાણામંત્રીશ્રીએ જણાવ્યું છે કે ચકાસણીની પ્રક્રિયાને લઈ વિલંબ થયો છે પણ હવે કોઈ કેસ પડતર નથી.

**● ૧૯૩ તબીબો પાસેથી ૧૯ લાખથી વધુ રકમ વસુલ કરાઈ**

કોંગીના શ્રી રાઘવજી પટેલે તબીબી શિક્ષણ પૂર્ણ કર્યા બાદ નિયત સેવા મર્યાદાનો ભંગ કરી વિદેશ ગયેલા તબીબો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષ દરમિયાન રાજયમાંથી કુલ ૧૯૩ તબીબો નિયત સેવા મર્યાદાનો ભંગ કરી વિદેશ ગયા છે.

તેમણે જણાવ્યું છે કે દરેક ડોકટરના અભ્યાસ માટે રાજય સરકારને તબીબી શિક્ષણ માટે અંદાજીત રૂ. ૧૨ લાખ જેટલો ખર્ચ થાય છે. આમ ૧૯૩ ડોકટરોના અભ્યાસ માટે રાજય સરકારને તબીબી શિક્ષણ માટે કુલ ખર્ચ રૂ. ૨૩,૧૬,૦૦,૦૦૦નો ખર્ચ થયો છે એમ ગણી શકાય.

આરોગ્ય મંત્રીશ્રી જણાવ્યું છે કે આ ડોકટરો પાસેથી બોન્ડની કુલ રકમ રૂ. ૧૯,૭૦,૦૦૦ વસુલ કરવામાં આવેલ છે.

## નવા ડીજીપી તરીકે અમિતાભ પાઠકે હોદ્દાનો હવાલો સંભાળ્યો

**૧૯૯૫માં પ્રશંસનીય કામગીરી બદલ મેડલ મેળવી ચુકયા છે : સાંજે ચાર્જ સંભાળ્યો**

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજય પોલીસ વડા ચિત્તરંજન સિંઘ આજે નય નિવૃત્ત થતા ગુજરાતના નવા ડી.જી.પી. તરીકે એન્ટી કરપ્શન બ્યુરોના ડિરેકટર તરીકે ફરજ બજાવતા અમિતાભ પાઠકે આજે નિમણુંક મેળવીને ચાર્જ સંભાળ્યો છે. ૧૯૭૭ બેચના આઈ.પી.એસ. અમિતાભ પાઠકને ૧૯૯૫માં પ્રશંસનીય કામગીરી બદલ પોલીસ મેડલ પણ મળી ચુકયો છે.

ગુજરાત રાજયના પોલિસવડા ચિત્તરંજન સિંઘની વય નિવૃત્તિની જાહેર થયેલી તારીખ બાદ ગુજરાતના પોલિસ વડાને લઈને વિવિધ નામોની ચર્ચાઓ ચાલી રહી હતી. દરમિયાન ગઈ કાલે નવા ડીજીપી તરીકે અમિતાભ પાઠકની રાજય સરકારે નિમણુંક કરી છે. ૧૩ નવેમ્બર ૧૯૭૭માં ગુજરાત પોલીસમાં જોડાયેલા આઈ.પી.એસ. અધિકારી અમિતાભ પાઠકની એન્ટી કરપ્શન બ્યુરોના ડિરેકટર પદેથી રાજયના પોલિસવડા (ડાયરેકટર જનરલ ઓફ પોલીસ) પદે નિમણુંક આપવામાં આવી હતી. અમિતાભ પાઠકે આજે સાંજે ડીજીપી તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ૧૯૯૫માં તેમને પ્રશંસનીય કામગીરી બદલ મેડલ પણ મળેલો છે.



નવા અભિગમની છે આ સરકાર
ખેડૂતોની પણ કરે છે દરકાર


લઘુતમ ટેકાના ભાવે ખરીદી થકી ખેડૂતોને
સક્ષમ બનાવતી આ સરકાર

લઘુતમ ટેકાના ભાવથી રૂપિયા ૧૩૫૦/- પ્રતિ ક્વિન્ટલના દરે ચાલુ વર્ષે (રવિ માર્કેટીંગ સીઝન ૨૦૧૩-૨૦૧૪) ઉત્પાદિત થયેલ ઘઉંની સરકારી ખરીદી કરવામાં આવશે. આ માટે નોંધણી કરવા તારીખ ૦૧/૩/૨૦૧૩ થી ૩૧/૩/૨૦૧૩ સુધી સવારના ૮ થી સાંજના ૮ કલાક દરમ્યાન ટોલફ્રી નં. ૧૮૦૦-૨૩૩ ૫૫૦૦ ડાયલ કરવો, અથવા http://ipds.gujarat.gov.in પર ઓનલાઈન નોંધણી પણ કરી શકો છો.

નીચે જણાવેલ નિયત ધારાધોરણ મુજબની ઘઉંની ખરીદી નિયત થયેલી APMC/નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન કેન્દ્ર ખાતે તા.૧૫/૩/૨૦૧૩ થી ૩૧/૫/૨૦૧૩ સુધી કરવામાં આવશે.

"ભેજના ટકા-૧૨, બાહ્ય અશુધ્ધિના ટકા-૦.૭૫, અન્ય ધાન્યના દાણા ટકા-૨, અપરિપકવ અને તુટેલા દાણાના ટકા-૭, અંશતઃ બગડેલા દાણાના ટકા-૬, નુકશાનીવાળા દાણાના ટકા-૨"

ખેડુતો પાસેથી બારદાન તથા ગુણવત્તા ચકાસણી માટેની કોઈ રકમ લેવામાં આવશે નહીં.




અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત સરકાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
FIXIT
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com